એક, બે, ત્રણ...

મધ ખુશબોદાર મીઠું બહુ લાગે,
પણ મધમાખી મારે ડંખ નાકે.
ભાવે જો મધ તો રડવું નકામું,
દુખે તો ખરું, પણ લાગે મઝાનું.

વાંદો મીઠા સૂર રેલાવે,
કંસારી ફિડલ બજાવે.
સંગીત મધુરું રણકે,
ઉમંગ દિલમાં છલકે.



મેંડકડા ત્રણ રમતા રમતા,
કાદવમાં કૂદે ગમ્મત કરતા.
કૂદતા જાય ને કૂદતા જાય,
પછી અચાનક થંભી જાય.
સ્ટ્રૉબેરી સામે સહુએ દીઠી,
બહુ બહુ ભાવે રાતી ને મીઠી.



ઝાકળ મીઠી પીવી સવારે,
માણવી મઝા રોજ અમારે.
પેલું ફૂલ જરાક નમે,
ટીપું દડતું મુખમાં સરે.



કરે સુસવાટ પવન બહુ,
ફૂલ ને ઝાડવાં ડોલતાં સહુ.
ડાબે ને જમણે ફૂંકાતો જાય,
સસલાં બિચારાં બહુ ગભરાય.
આંખો મોટી ને લાંબા કાન,
ડરે એવાં કે ભૂલે ભાન.





ચાર બચ્ચાં બતકનાં જાય,
જોતાં જીવડું બહુ હરખાય.
મૂકે દોટ જીવડું લાંબી,
કોણ જાશે પહેલું આંબી?



લાગું રૂંછાંનો હું દડો,
પણ જોરાવર બડો!
ભલે ને આ સાપ નથી,
પણ જીત તો મારી ઠરી!

કાગબચ્ચું બેઠું ડાળે,
હેલિકોપ્ટર એક ભાળે.
શાને ખોલી ચાંચ, ભઈલા મારા?
પડશે જીવડું મુખમાં તારા!

કાબર બે નાની લડી પડી,
છોકરાંની જેમ ટંટે ચડી.
પણ વીતી હજી મિનિટ એક,
હસતી ભૂલીને કજિયો છેક!

કાંઠે બેઠો માછીમાર,
ગમ એને પારાવાર.
માછલી તો ખાઉં હોંશે હું,
પણ આનું મારે કરવું શું?
માછલી તો ભાઈ મારા,
સપનામાં રહી તારા!

બિલાડીના ટોપનો નારંગી રંગ છે,
છત્રીની છત્રી ને મઝાનું ઘર છે!

હું રેસનો ઘોડો, દોડી જાણું ;
વેગે સૂરજને પકડી પાડું.
ઊડું ઊંચે ગરુડની જેમ,
અડું આભને ઊડતો એમ !



અમે તો ઘોડાં નાનકડાં,
અમારું સૌનું એક જ નામ.
કરીએ શું નામને રૂપકડાં?
મીઠું અમારું "વછેરાં" નામ.



બેઉ બતકબચ્ચાંનું સહિયારું જમવાનું,
છરીકાંટા તો છે નહિ, ચાંચ વડે ખાવાનું



અમે લવારાં નાનાં રાખોડી રંગનાં,
માથે અમને ઊગે શિંગડાં મઝાનાં.
અમે બે ભાઈ હળીને રહીએ,
ટંટાફિસાદ કદી ન કરીએ!

અનુવાદ — અતુલ સવાણી

Алексей Михайлович Лаптев

РАЗ, ДВА, ТРИ...

На языке гуджарати

© ગુજરાતી અનુવાદ, પ્રગતિ પ્રકાશન ૧૯૭૭

પ્રગતિ પ્રકાશન

મોસ્કો

Л $\frac{70801-952}{014(01)-77}$ 762–77

સોવિયેત સંઘમાં મુદ્રિત